જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,૨૫૬૩૦૩૦૦,૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૫/૪/૨૦૧૪ મંગળવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-** **સમાચાર યાદી નં.૧૦૨૪/૧૪**

### વટવા પોલીસ સ્ટેશન

**(૧)** વટવા પોસ્ટે ફ.ગુ.ર.નં ૧૨૧/૨૦૧૪ ધી ઇ.પી.કો કલમ ૩૦૬ ,૪૯૮(ક) તથા દહેજ પ્રતીબંધક ધારા કલમ ૩,૭ મુજબના કામના ફરીયાદીબેન નિલમબેન W/O સુનિલભાઇ શૌકીરામ જાતે રાઠોર (તૈલી) ઉ.વ.૨૨ રહેવાસી મ.નં એ/૨૩ નીલકંઠ સોસાયટી મહેશ્વરી સોસાયટી ની બાજુમાં તક્ષશીલા સ્કુલની સામે ઓઢવ અમદાવાદ શહેર મુળ વતન ગામ.મીસૌલી જી.ભીંડ મધ્યપ્રદેશ મો.નં .૯૭૨૭૧૯૩૩૭૯ નાઓની ફરીયાદના કામે હકીકત એવી છે કે ફરી.ની મોટી બહેન સીમા ઉ.વ ૨૭ ના લગ્ન આજથી બારેક વર્ષ અગાઉ તેઓની જ્ઞાતીના રીતરિવાજ મુજબ આરોપી (૧) અખીલેષ શીયારામ જાતે રાઠોર (તૈલી) ઉ.વ.૨૯ ધંધો.વેપાર રહેવાસી ભૈયાજીની ચાલી મહાદેવપુરા વટવા અમદાવાદ મુળ વતન ગામ અંડા તા.કોચ થાના.કોચ જીલ્લો.જાલોન ઉત્તરપ્રદેશ નાની સાથે લગ્ન કરેલ અને લગ્નના એકાદ વર્ષ બાદથી તા.૧૪/૦૪/૨૦૧૪ ના ૧૧/૦૦ વાગ્યા દરમ્યાન તેણીના પતિ ઘરકામ બાબતે તથા તારા મા બાપે દહેજમાં કંઇ આપેલ નથી તેમ કહી મેણા ટેણા મારી તથા અવાર નવાર પૈસાની માંગણી કરી મરનાર બેનને તેની નાની બેનના લગ્નમાં જવાની ના પાડી શારીરીક માનસીક ત્રાસ આપી મરી જવા માટે દુષ્પ્રેરણ (ઉશ્કેરણી) કરતા ફરી.ની બેન મરનાર બેન સીમા પોતાની સાસરીમાં શરીરે કેરોશીન છાંટી સળગી જઇ આપઘાત કરતા ફરીયાદી બેને આરોપી મરનાર બેનના પતિ અખીલેષ વિરુધ્ધમાં ફરીયાદ આપતા અમારા રૂબરૂની લખી લઇ ઉપરોક્ત નંબરથી ગુનો રજીસ્ટર કરી તપાસ હાથ ધરી મરનાર બેનના પતિ આરોપી અખીલેષ તેના

રહેણાક સરનામેથી મળી આવતા સદરીને તા. તા.૧૪/૦૪/૧૪ ના કલાક ૧૯/૦૦ વાગે પકડી અટક કરી કાયદેસરની કાર્યવાહી કરેલ છે.હાલમાં આ ગુનાની તપાસ સેક્ન્ડ પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી ડી.બી.પરમાર નાઓ કરી રહેલ છે.

(૨) વટવા પો.સ્ટે જા.જોગ નં ૬૭/૧૪ સ્ટે.ડા નં ૨૫/૧૪ મુજબના કામના શ્રી સત ફરીયાદી પો.સ.ઇ શ્રી જે.એન.ગોસ્વામી સા. તથા હે.કો નરેન્દ્રસિંહ ખુમાનસિંહ બ.નં ૩૭૨૬ તથા પો.કો મનીસકુમાર ચંદ્રભાઇ બ.નં ૩૯૨૨ તથા પો.કો મુકુન્દસિંહ વિક્રમસિંહ બ.નં ૩૯૯૫ તથા પો.કો જયેશકુમાર બ.નં ૩૦૪૬ નાસો સાથે પો.સ્ટે વિસ્તારમાં હતા તે દરમ્યાન કલાક ૧૬/૪૫ વાગે ગુજરાત ઓફસેટ ચાર રસ્તા પાસે પો.કો મુકુન્દસિંહ વિક્રમસિંહ બ.નં ૩૯૯૫ નાઓની બાતમી આધારે આરોપી રાહુલ કુમાર ગણપતભાઇ માછી ઉ.વ ૨૧ રહે સી/૯ ચરણોદક રેસીડન્સી મદ્રાસી મંદીર ની પાછળ વટવા અમદાવાદ મુળ રહે નવા વલ્લભપુર તા. શહેરી જી.પંચમહાલ નાનો એક સેમસંગ ગેલેક્સી ગ્રાંડ કંપનીનો મોબાઇલ ફોન મોડલ નં જીટી ૧૯૦૮૨ નો જેનો આઇ એમ આઇ નંબર ૩૫૬૬૩૧૦૫૫૨૧૭૪૬૯ નો વંચાય છે જેમાં વોડા ફોન કંપનીનુ કાર્ડ જેનો નં ૮૪૦૧૧૯૯૫૬૪ નો હોવાનુ જેની કિ.રૂ ૧૫૦૦૦/- તેમજ હીરો હોન્ડા પેશન પ્લસ મો.સા જેનો આર,ટીઓ નંબર જીજે-૧ એલેબી ૭૦૭૩ નો વંચાય છે જેનો ચેચીસ નં એમ.બી.એલ એ-૧૦ ઇ.એલ ૯૯ સી ૨૪૪૪૦૦ નો વંચાય છે જેનો એન્જીન નં એચ એ -૧૦ ઇ બી ૯૯ સી ૨૪૬૪૪ જેવો વંચાય છે જેની કિ.રૂ ૨૫૦૦૦/- તથા તેની પાસેનો મોફોન મળી કુલ્લી કિ.રૂ ૪૦૦૦૦/- ના મતાને સાથે બીલ લખાણ કે મીલીકી અંગે કોઇ પુરાવા રજુ નહી કરતા ચોરી અગર છળ કપટથી મેળવેલાનુ જણાતા સીઆરપીસી કલમ ૧૦૨ મુજબ તપાસ અર્થે કબ્જે કરી સદરી આરોપીને સીઆરપીસી કલમ ૪૧(૧) ડી મુજબ તા.૧૪/૦૪/૨૦૧૪ ના કલાક ૧૭/૩૦ વાગે પકડી અટક કરી પો.સ.ઇ કે.એસ. ચૌધરી નાઓએ કાયદેસરની કાર્યવાહી કરેલ છે હાલમાં તપાસ ચાલુ છે.

**<u>ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશનના સર્વેલન્સ સ્કોડ દ્વારા વિવિધ પો.સ્ટે.વિસ્તારમાંથી વિવિધ પ્રકારના ચોરી કરેલ કુલ-૦૫ બાઇકો જેની કી.રૂ.૧,૩૮,૦૦૦/- સાથે એક આરોપીની અટકાયત</u>**

તા.૧૪/૦૪/૧૪ ના રોજ ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશનના સર્વેલન્સ સ્કોડ પોસઇ આર.ડી.ગોજીયા તથા સ્ટાફના અ.હે.કો. જાકીરખાન મહેબુબખાન બનં ૭૬૯૫ તથા અ.હે.કો. રાજેન્દ્રકુમાર હિરાલાલ બનં ૭૭૭૫,અ.હે.કો. મનહરસિંહ છત્રસિંહ બનં ૯૧૮૦,અ.હે.કો. કિશનભાઈ ખેમાભાઈ બનં ૩૫૩૪, અહે.કો. અમરસિંહ રેવાભાઈ બનં ૩૯૪૧, પો.કો. સુરેન્દ્રસિંહ રામસિંહ બનં ૪૩૫૩ પો.કો. પ્રવીણભાઈ માનસંગભાઈ બનં ૪૫૬૯, એલ.આર.ડી. અમિતકુમાર દાનાભાઈ બનં ૨૪૫૬ ,એલ.આર.ડી. મોહમદઈદ્રીશ મહેબુબમીયા વિગેરે પોલીસ સ્ટાફના માણસો સાથે આગામી લોકસભા ચુંટણી અનવ્યે પો.સ્ટે.વિસ્તારમાં કાયદો વ્યવસ્થા જાળવવા સારૂ વિસ્તારમાં પેટ્રોલીંગ ફરતા હતા દરમ્યાન પેટ્રોલીંગ ફરતા ફરતા કલાક ૧૯/૪૫ વાગે પાંચપીપળી ચોકી આવતા પો.કો. સુરેન્દ્રસિંહ રામસિંહ બનં ૪૩૫૩ નાઓએ બાતમી હકીકત આપેલ કે એક ઈસમ જેણે લાલ કલરનું શર્ટ પહેરેલ છે તે ઈસમ કોઈ જગ્યાએથી એક હીરો હોન્ડા પેશન પ્રો મોટર સાયકલ નબંર જીજે-૧-એલ.એમ.-૫૯૨૭ની કોઈ જગ્યાએથી ચોરી કરીને અગરતો છળકપટથી મેળવીને લાવેલો છે અને હાલમાં ઈકબાલ હોટલ આગળ મો.સા. સાથે ઉભો છે જે હકીકત મળતા સદરી ઈસમને પકડી તેનુ નામઠામ પુછતા તેણે પોતાનુ નામ ઈમરાન અહેમદખાન પઠાણ ઉવ.૩૧ રહે, ચંડોળા નવાબ ચોક બસીર કિરાણા સ્ટોરની પાછળ મુજતબા મસ્જીદની પાસે ચંડોળા શાહઆલમ અમદાવાદનાનો હોવાનું જણાવેલ સદરી બેઠેલ તે મોટર સાયકલ બાબતે સદરીને પુછતા તે પોતાની હોવાનું જણાવે છે સદરીની પાસેની મો.સા. જોતા હીરો હોન્ડા પેશન પ્રો વાદળી કલરના પટ્ટાવાળી છે જેની પાછળની નંબર પ્લેટ ઉપર આર.ટી.ઓ. જીજે-૧એલ.એમ.-૫૯૨૭ નો લખેલ છે તથા જેનો એંજીન નંબર જોતા HA10ED9GM29201 તથા ચેચિસ નંબર જોતા MBLHA10ER9GM28330 વંચાય છે જેની

કિ.રૂ.૩૫૦૦૦/- ગણાય જેથી સદરીની પાસે મોટર સાયકલના કાગળો કે લખાણ હોય તો બતાવવાનું જણાવતા તે પોતાની પાસે નહી હોવાનુ જણાવી ગોળગોળ જવાબ આપતો હોય સદરી ઈસમ પોતાની પાસેની મોટર સાયકલ કોઈ જગ્યાએથી ચોરી કરી ને અગરતો છળકપટથી મેળવીને લાવેલ હોવાનુ પાક્કો શકવહેમ હોય સદરી પાસેની મળી આવેલ મો.સા. કિ.રૂ.૩૫૦૦૦/- ની ગણી સી.આર.પી.સી. કલમ ૧૦૨ મુજબ કબ્જે કરી ઉપરોક્ત ઈસમને ગઇ તા.૧૪/૪/૨૦૧૪ ના કલાક ૨૦/૪૫ વાગે સી.આર.પી.સી. કલમ ૪૧(૧)ડી મુજબ પકડી અટક કરી વધુ પુછપરછ કરતા તેઓએ આ સીવાય અન્ય ચાર મો.સા ચોરી કરી પોતાના ઘરની આજુબાજુની ગલીઓમાં પાર્ક કરેલ જે મોસા.માં (૧)હીરો હોંન્ડા પેશન પ્લસ GJ-01-JD 8039 (૨) હીરો હોંન્ડા પેશન પ્લસ GJ-01-EL -7866, (3) હોન્ડા એક્ટીવા GJ-27-D-8447 તથા (૪) હીરો હોંન્ડા સ્પ્લેન્ડર GJ-01-CS-4948 નાઓ મળી કુલ ૦૫ વિવિધ મોડલના જેની કી રૂ.૧,૩૮,૦૦૦/- ગણી તપાસ અર્થે કબજે કરેલ આમ અ'વાદ શહેરના વિવિધ પો.સ્ટેના ૦૫ ગુના વાહન ચોરીના ભેદ ઉકેલાયા છે જે વાહનો તેણે વાડીલાલ હોસ્પીટ્લના પાર્કીગમાથી તથા NID પાસેથી તથા નહેરૂબ્રિજ પાસેથી ચોરીઓ કરેલ હોવાનુ આરોપીએ કબુલાત કરેલ છે અને વધુ તપાસ ચાલુ છે.

નાયબ પોલીસ કમિશનર<br>
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર<br>
પોલીસ કમિશનર વતી.